
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



સાહેબ, બધા લોકો જે પાર્ટીને મત આપે છે તે પાર્ટીના બટનને મે પણ આ આંગળીથી દબાવ્યું... હવે મને ડર લાગે છે કે કોરોના નહી થાય ને...??

# રાજ્યમાં છ શહેરોમાં ચુસ્ત સલામતી વચ્ચે આજે ગણતરી

## મતગણતરીના સ્થળો પર મોબાઈલ લઈ જવા અને વાહનો પર પંચ દ્વારા પ્રતિબંધ લાદવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૨૨

અમદાવાદ મહાનગર પાલિકાની ચુંટણીની મત ગણતરી ૨૩ ફેબ્રુઆરીના રોજ યોજાવાની છે તે પહેલાં રાજ્ય ચૂંટણી પંચે મતગણતરીને લઈને કેટલાક કડક આદેશ બહાર પાડ્યા હતા જેમાં મત મથકોની અંદર, કંપાઉન્ડમાં કે ૨૦૦ મીટરની ત્રિજયામાં મોબાઈલ લઈ જઈ શકાશે નહી ઉપરાંત વાહનો પણ લઈ જઈ શકાશે નહી. તે સિવાય ગેસ લાઈટર કે સળગાવી શકાય તેવી વસ્તુ લઈ જઈ શકાશે નહી.

અમદાવાદ મહાનગરપાલિકા ૨૦૨૧ના મતદાનનાની મતદાન ગણતરી ૨૩ ફેર્બઆરીના રોજ અમદાવાદમાં ગુજરાત કોલેજ એલિસબ્રિજ તથા એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાશે. આ મત ગણતરી શાતિપુર્ણ રીતે અને સુમેળભર્યા વાતાવરણમાં થાય તે માટે જરૃરી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત અન્ય શહેરોમાં પણ જેતે મત ગણતરી કેન્દ્ર પર આ પ્રકારની તૈયારી રાખવાના આદેશ અપાયા છે. અમદાવાદ ઉપરાંત જામનગર, સુરત, રાજકોટ, ભાવનગર, વડોદરામાં પણ કોર્પોરેશનની ચૂંમઠણીની મતગણતરી હાથ ધરવામાં આવશે.

જેમાં મત ગણતરી મથકની અંદર, કંપાઉન્ડમાં કે મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યક્તિને વ્લ્યુલર મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ વિજાણું સાધનો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. તે સિવાય મતગણતરી મથકની અંદર, કંપાઉન્ડ કે મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમા કોઈપણ વ્યક્તિ વાહનો લઈ જઈ શકશે નહી અથવા પાર્ક કરી શકશે નહી. ઉપરાંત આ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ માચીસ, લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે ચીજ વસ્તુઓ લઈ જઈ શકશે નહી કે તેનો ઉપયોગ કરી શકશે નહી.

## ખૂણેખાંચરેથી

- આજે રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ જિલ્લાના અધિકારીઓ સાથે કોરોના વેક્સીનેશનના નવા રાઉન્ડ અંગે બેઠક યોજી હતી.
- રાજ્યના વિકાસ કમિશનરે તકેદારી આયોગના પ્રકરણો અંગે જિલ્લાના અધિકારીઓની બેઠક બોલાવી છે.
- ગાંધીનગર જિલ્લામાં ત્રણ દિવસ બાદ પુનઃ કોરોનાના કેસોની સંખ્યા ૧૦ થઈ છે.
- ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ કેન્દ્રીય રાજ્યમંત્રી પુરૂષોત્તમ રૂપાલાની જાહેરસભા યોજાઈ છે.
- ગાંધીનગરમાં મનપાની ચૂંટણીના પરિણામોને લઈ સરતો લાગવા લાગી છે.
- ગાંધીનગર મનપાના કાઉન્સીલર મનુભાઈ પટેલે કમિશનરને એક પત્ર લખી મુક્તિધામના વહીવટને મનપા હસ્તક લેવા અને વહીવટીય તપાસ કરવા જણાવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ આવી રહ્યા હોવાથી શહેરમાં પોલીસ બંદોબસ્ત સઘન બનાવવામાં આવ્યો છે.
- શહેરમાં પાનખરના આરંભ સાથે જાહેરમાં કચરો સળગાવવાની ઘટનાઓ વધવા પામી છે.

# ધણપ પાટીયા પાસે એસેન્ટ કાર બાઈક ટકરાતા બે યુવકના મૃત્યુ

ગાંધીનગર, તા. ૨૨

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ધણપ ગામના પાટીયા પાસે એસેન્ટ કારે બાઈકને ટક્કર મારતા બે યુવકોના મૃત્યુ નિપજયા છે. બંન્ને યુવકો ગાંધીનગર કોલેજ થી બપોરના સમયે ઘરે જઈ રહ્યા હતા તે સમયે અકસ્માત થયો હતો. જેમાં ગીયોડના યુવકનું માથાના ભાગે ગંભીર ઈજાને પગલે ઘટના સ્થળ પર જ મૃત્યુ થયુ હતું.જયારે હાલીસાના યુવકનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા ગીયોડ ગામ ખાતે રહેતો ૧૮ વર્ષિય રાહુલ વિજયભાઈ દંતાણી અને હાલીસા ગામનો ધવલ જયંતિભાઈ દંતાણી ગાંધીનગર ખાતે કોલેજ કરે છે. સોમવારના રોજ બપોરે કોલેજ થી તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા તે સમયે ધણપ પાટીયા પાસે કાર ચાલકે બાઈકને અડફેટે લીધુ હતું. બાઈક દશેલા ગામથી ગીયોડ ગામ તરફ આવતા માર્ગ ઓળંગતી



વખતે ચિલોડા તરફથી આવી રહેલી એસેન્ટ કાર નં એમ.એચ.૦૨,એ.ક્યું.-૯૩૨૩ ની અડફેટે બાઈક આવી ગયું હતું. અકસ્માતને પગલે બાઈક પર સવાર બે યુવકો ગાડીના કાચ પડીને પાછળની તરફ ફંગોળાયા હતા. જેમાં બે યુવકોને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે તાત્કાલીક ૧૦૮ આવી જતા તપાસીને રાહુલને મૃત જાહેર કર્યો હતો. જયારે ગંભીર રીતે ઘાયલ ધવલને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયા સારવાર દરમિયાન તેનું મૃત્યું થયું હતું. બનાવની જાણ થતા બંન્ને યુવકોના પરિવારજનો આવી પહોંચ્યા હતા. બે યુવકોના મૃત્યુને પગલે હાલીસા અને ગીયોડ ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. જયારે બનાવ અંગે મૃતકના કાકા રમેશભાઈની ફરીયાદ લઈ પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજસ્થાનના વેપારીએ સસ્તા સોનાની લાલચમાં ૪ લાખ ગુમાવ્યા

## બજાર ભાવ કરતા ૧૫ ટકા સસ્તા સોનાની લાલચમાં વેપારી રાજસ્થાનના કોટાથી ચિલોડા આવ્યા હતા, છેતરાયાનો અહેસાસ થતા પોલીસ ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૨

લોભિયો હોય ત્યાં ધુતારા ભુખે ન મરે તે કહેવત અહીં સાર્થક થતી હોય તેમ લાગી રહ્યું છે. સોનાનો ભાવ આસમાનને આંબે છે ત્યારે બજાર કિંમત કરતા ૧૫ ટકા સસ્તા ભાવે સોનું આપવાની લાલચ આપી બે ઠગ શખ્સોએ રાજસ્થાનના વેપારી પાસે રૂ.૪ લાખની છેતરપિંડી આચરી છે. ચિલોડા નજીક ફાર્મ હાઉસ ખાતે બોલાવી રોકડા રૂ.૪ લાખ લઈને સોનું લઈને માણસ આવે છે તેમ કહી ઠગ ટોળકી ગાયબ થઈ ગઈ હતી. રાજસ્થાનની આવેલા વેપારીને છેતરાયાનો અહેસાસ થતા ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ રાજસ્થાનના કોટા ખાતે રહેતા પ્રફુલકુમાર મહેન્દ્રકુમાર જૈન શરાફી પેઢી ચલાવે છે. તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ તેમના ફેસબુક એકાઉન્ટ પર કેતન પટેલ નામના પ્રોફાઈલ પર થી એક લીંક આવી હતી. જેમાં બજાર ભાવ કરતા ૧૫ ટકા સસ્તુ સોનું આપવાની જાહેરાત કરી હતી. જાહેરાતમાં રસ પડતા કેતન પટેલ સાથે ફેસબુક મેસેન્જર દ્વારા વાતચીત કરી હતી. તા. ૨૧ મી એ તેઓ કેતનને મળવા માટે મોટા ચિલોડા ખાતે પ્રમુખ કોમ્પ્લેક્ષમાં આવ્યા હતા. પોતાની ઓળખ કેતન પટેલ અને મનિષ પટેલ તરીકે આપનાર શખ્સો તે સમયે હાજર હતા. ફરીયાદીએ ૧૦૦ ગ્રામ સોનું ખરીદી માટે તૈયારી દર્શાવી હતી. ત્યારબાદ મનિષ પટેલ બેઠક માટે પાંચ સાત કિલોમીટર દુર એક ફાર્મ હાઉસ પર લઈ ગયો હતો. જયાં બે માણસ સફેદ એકટીવા લઈને આવ્યા હતા. મનિષે તેમને પૈસા આપ્યા બાદ સોનું મળશે તેમ કહ્યું હતું. રૂ.૪ લાખ રોકડા આપ્યા બાદ બે શખ્સો એકટીવા પર ગયા હતા અને મનિષ સાથે ઉભો રહ્યો હતો. આ સમયે નંબર વિનાની ક્રેટા કાર આવી હતી જેમાં બે વ્યકિત હતા. જેમણે મનિષને અલીના નામે બોલાવ્યો હતો અને વાતચીત શરુ કરી હતી.

દરમિયાન મનિષે ફરીયાદીને ગાડીમાં બેસવાનું કહ્યું હતું. અને પોતે ફાર્મ હાઉસની પાછળ ગયો હતો.થોડીવારમાં ક્રેટા કારમાં સવાર બે શખ્સો પાસે આવ્યા હતા અને આ ફાર્મ હાઉસ પોતાનું હોવાનું કહીને ચાલ્યા જવા માટે કહ્યું હતું. ફાર્મ હાઉસની પાછળ મનિષ દેખાયો ન હતો અને કેતને મેઈન રોડ પર સોનું મળી જશે તેમ કહ્યું હતું. થોડીવાર પછી મોટા ચિલોડા પહોંચવા માટે કહ્યું હતું. પરંતુ કોઈ મળી આવ્યું ન હતું. આખરે છેતરપિંડી થઈ હોવાનું લાગતા પ્રફુલ કુમારે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## સિવિલની ફાયર વિભાગની ૧૪ નોઝલ ભંગારના વેપારી પાસેથી મળી !

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક સમસ્યા દુર કરો ત્યારે બીજી સમસ્યા ઉભી થાય છે. સિવિલમાં સિકયુરીટી હોવા છતા ચોરીના બનવો બનવા પામે છે. સલામતીને નામે સિવિલમાં મીંડુ છે. જેથી અસામાજીક તત્વોને મોકળુ મેદાન મળી જાય છે.

સિવિલમાં નાની મોટી ચોરીના બનાવો બનતા રહે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ફાયર વિભાગની કિંમતી પિતળની ૧૪ નોઝલ ભંગારમાંથી મળી આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ત્યારે પ્રાપ્ત માહિતી મુજબ વાવોલ નજીક ગોકુળપુરાના ભંગારનો વેપાર કરતા વેપારી પાસેથી ફાયર લાઈનની પિત્તળની કિંતમની નોઝલોનો જથ્થો પડ્યો હતો. આ જથ્થો જોઈને જાગૃત નાગરીકે તપાસ કરી હતી. જેમાં ૧૪ થી વધુ નોઝલ ગાંધીનગર સિવિલના ફાયરના સાધનોની હોવાનું ધ્યાને આવ્યું હતું.

જેથી સિવિલમાં પુછતાછ કરતા સ્થાનિક ફાયરમેન દ્વારા ફાયર લાઈનની નોઝલની ચોરી કરી હોવાનું કબુલ્યું હતું. સિવિલના સત્તાધિશોએ ફાયર મેનને તાત્કાલીક અસરથી નોકરીમાં પાણીચુ પકડાવી દીધુ છે. જયારે ગોકુળપુરાના ભંગારના વેપારી પાસેથી ૧૪ નોઝલ કબ્જે લીધી હતી.ઉલ્લેખનીય છે કે જાગૃત નાગરીકના પગલે સમગ્ર નોઝલ ચોરીનું કૌંભાડ સામે આવ્યું છે. ત્યારે સિવિલમાંથી નાની મોટી અનેક નોન મેડીકલ અને મેડીકલ ચીજવસ્તુઓનો જથ્થો બારોબાર પધરાવી દેવામાં આવે છે. જેમાં સ્ટાફના કેટલાક કર્મચારીઓની મિલીભગત હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.



રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિદ ગુજરાતના મહેમાન બનવાના છે. ગાંધીનગર સ્થિત સેન્ટ્રલ યુનિવર્સિટીના પદવીદાન કાર્યક્રમમાં તેઓ હાજરી આપવાના હોવાથી સફાઈ તથા રોડ-રસ્તાની કામગીરી ચાલી રહી છે. તુટેલા રોડનું રીસરફેસીંગ હાથ ધરાયું છે તો ઠેર ઠેર સાફ સફાઈ પણ કરવામાં આવી રહી છે.



## લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના કણભા ગામે નેત્ર નિદાન, બ્લડપ્રેસર અને ડાયાબિટીસ તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નેત્ર નિદાન કેમ્પમાં લાયન્સ કર્ણાવતી આઈ હોસ્પિટલના સહયોગથી કુલ ૩૨૪ જેટલા લાભાર્થીઓની આંખોની તપાસ કરવા સાથે ૨૩૫ લાભાર્થીઓને નિઃશુલ્ક ચશ્મા વિતરણ કરાયુ હતુ. આ ઉપરાંત એન.સી.ડી.સેલ ટીમ, જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ ગાંધીનગરના સહયોગથી ૩૨૪ જેટલા દર્દીઓની બ્લડપ્રેશર તેમજ ડાયાબીટીસની તપાસ કરવામાં આવી હતી. અહીં લાયન વૈદેહીબેન ટાટુ દ્વારા માસ્ક અને સેનીટાઈઝર અપાયુ હતુ. રામજી મંદિર કણભાના મહંત પરશુરામદાસજી મહારાજના સહયોગથી લાભાર્થીઓને કેમ્પ સુધી પહોંચાડવાની સુવિધા પુરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં લાયન્સ ક્લબ ગાંધીનગર મહિલા હોદ્દેદારો અને સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

# રાજ્યમાં ચૂંટણી પૂર્ણ થતાં જ મનપામાં કોરોના કેસ વધ્યા

## ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૧૫ નવા કેસ, એકનું મોત : ૨૭૨ દર્દીઓ સાજા થઇને ઘરે પરત ફર્યા

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ દિવસેને દિવસે ઘટી રહ્યુ છે. આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૩૧૫ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૨૭૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે એક વ્યક્તિનું કોરોનાથી મોત થયું છે. જો કે રાજ્યમાં અત્યાર સુધીના કુલ રિકવર દર્દીઓ ૨,૬૧,૨૮૧ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૦૬ પર પહોંચ્યો છે.

હાલમાં ગુજરાતના પડોશી રાજ્યો જેવા કે, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં કોવિડ-૧૯ ના કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. જેને ધ્યાને લઈને રાજ્ય સરકારે સડક પરિવહન માર્ગે બોર્ડર ચેકપોસ્ટ ઊભી કરી આ રાજ્યોમાંથી આવતાં તમામ યાત્રિકોનું સ્ક્રીનીંગ હાથ ધરવાનું નક્કી કર્યું છે. વધુમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર અને રાજકોટ જેવા મહાનગરપાલિકા વિસ્તારમાં રેલ્વે સ્ટેશનો ઉપર સ્ક્રીનીંગ હાથ ધરવામાં આવશે અને રાજ્યના તમામ એરપોર્ટ ઉપર દેશ-વિદેશથી આવતા તમામ યાત્રિકોનું સ્ક્રીનીંગ હાથ ધરાશે.


અત્યાર સુધીમાં કુલ ૮,૧૩,૫૮૨ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬૭,૩૦૦ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્ય સરકારના આરોગ્ય વિભાગની અસરકારક અને પરિણામલક્ષી કામગીરીના પરિણામે કોરોના કેસો કાબુમાં જોવા મળી રહ્યા છે. રાજ્યમાં આજે અરવલ્લી, બનાસકાંઠા, ભાવનગર, ડાંગ, બોટાદ, છોટા ઉદેપુર, પાટણ, પોરબંદર, સુરેન્દ્રનગર અને વલસાડ એમ કુલ ૧૦ જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. રાજ્યમાં કોવિડ-૧૯ના ૩૧૫ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૨૭૨ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૭.૭૦ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૬૧,૨૮૧ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧,૭૩૨ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૩૦ છે. જ્યારે ૧,૭૦૨ લોકો સ્ટેબલ છે. ૨,૬૧,૨૮૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૪,૪૦૬ લોકોનાં મોત નિપજ્યા છે.

### ગુજરાત એનર્જી કંઝર્વેશન એજન્સીના સહયોગથી

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટમાં બે દિવસીય વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

બાપુ ગુજરાત નોલેજ





વિલેજની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં ઈલેક્ટ્રિક ડીપાર્ટમેન્ટમાં તા. ૧૯/૦૨/૨૦૨૧ દરમિયાન 'ઉર્જા સંરક્ષણ' વિષય પર ગેડાના (ગુજરાત એનર્જી કંઝર્વેશન એજન્સી)ના સહયોગથી વેબિનાર યોજાયો હતો. આ વેબિનારનો મુખ્ય હેતુ ઉર્જાના સંરક્ષણ તથા જાગૃકતા વિષે વિદ્યાર્થીઓને જ્ઞાન આપવાનો હતો. ૬૦ જેટલા એંજીનિયરીંગના વિદ્યાર્થીઓએ વેબિનારમાં ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઈલેક્ટ્રિકલ ડીપાર્ટમેન્ટના હેડ પ્રો. કિનલ પટેલ સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમાર અને પ્રિન્સીપાલ ડો. કિંજલ અધવર્યુંના માર્ગદર્શન આપ્યું હતું.



સેકટર-૩ ન્યુમાં ઢોરવાડા જેવી પરિસ્થિતિ છે. ખુલ્લા પ્લોટમાં જયાં જુઓ ત્યાં ગાય-ભેંસ જેવા ઢોર બાંધવામાં આવે છે. રખડતા ઢોરને પકડવા માટે મ્યુ. કોર્પોરેશનને કોન્ટ્રાકટ આપ્યો છે પરંતુ યેનકેન પ્રકારે ઢોર મલિકોને જાણ થઈ જતી હોવાથી તે પોતાના ઢોરને ભગાવી દે છે. કોર્પોરેશનના પ્રયત્નો છતાં ઢોર પકડી શકાતા નથી.

## પ્રાંતિયા પાસે કારે ત્રણ પલ્ટી મારી

ચિલોડા થી અમદાવાદ માર્ગ પર પુર ઝડપે જઈ રહેલી કાર બેરીકેટસે અથડાઈને ઉછળીને કારે ત્રણ પલ્ટી મારી ગઈ હતી. ત્યારબાદ કાર અચાનક નજીકમાં આવેલા છાપરા વિસ્તાર અને પાર્લર પાસે જઈને પડી હતી. જો કે આ બનાવમાં કારનો ભુક્કો બોલાઈ ગયો હતો. કારના અકસ્માતને જોઈને સ્થાનિક નાગરીકો પણ હેબતાઈ ગયા હતા.

# એક જ દિવસે મતગણતરીની અરજી સુપ્રીમે ફગાવી દીધી

રાજ્યમાં યોજેયાલી મહાનગરપાલિકાઓની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામની મતગણતરી એક જ દિવસે કરવાની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી છે. સુપ્રિમ કોર્ટમાં કોર્પોરેશન અને નગરપાલિકાઓ તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીની મતગણતરી એક જ દિવસે યોજવા માટે અરજી કરવામાં આવી હતી. જોકે, આ અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી છે. મતગણતરી ચૂંટણી પંચે જાહેર કરેલી ૨૩મી તારીખે જ થશે. મનપાની ચૂંટણીની મતગણતરી ૨૩મી ફેબ્રુઆરીએ થશે. અગાઉ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી એક જ તારીખે રાખવાની માગ સાથે થયેલી અરજીને ગુજરાત હાઈકોર્ટે પણ ફગાવી હતી. આ અરજીના સંદર્ભમાં ચૂંટણીપંચે હાઈકોર્ટમાં પોતાનો જવાબ રજૂ કરતા જણાવ્યું હતું કે, મતગણતરી અલગ અલગ દિવસે થાય તેમાં અરજદારનો કોઈ કાનૂની કે બંધારણીય અધિકાર છીનવાતો નથી, તેથી અરજદારોની પિટિશન ટકવાપાત્ર નહીં હોવાની રજૂઆત ચૂંટણીપંચે કરી હતી. અગાઉ આ મામલે હાઈકોર્ટમાં સોગંદનામામાં ચૂંટણીપંચે જણાવ્યુ હતું કે, ગ્રામિણ વિસ્તારો અને શહેરી વિસ્તારોની સમસ્યાઓ અને જરૂરિયાતો અલગ-અલગ છે અને તેથી ગ્રામિણ વિસ્તારના મતદાર અને શહેરી વિસ્તારના મતદારના પ્રશ્નો પણ અલગ અલગ છે. અરજદારોએ પોતાના રાજકીય હેતુ બહાર લાવવા માટે આ અરજી કરી છે. જોકે, આ મુદ્દે હાઈકોર્ટે અરજદારની અરજી ફગાવી હતી. હાઈકોર્ટે આ અરજી ફગાવ્યા બાદ કોંગ્રેસ પાર્ટી દ્વારા આ મુદ્દે સુપ્રિમના દ્વાર ખખડાવવામાં આવ્યા છે. આ અરજીને સુપ્રિમ પણ ફગાવી છે અને ચોક્કસ જવાબો પણ આપ્યા છે. આ મુદ્દે કોંગ્રેસ પક્ષે નરેન્દ્ર રાવતે જણાવ્યું હતું કે આ 'કોંગ્રેસ પક્ષ માટે ફટકો નથી લોકશાહી માટે ફટકો છે, બે ચૂંટણીના પરિણામો હોય તે અલગ અલગ તારીખે થાય અને બંને વચ્ચે એક ચૂંટણીનો ગેપ હોય તો પરિણામો પ્રભાવિત થાય છે. સુપ્રિમ કોર્ટના બેવડા નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરું છું. આ મામલે ભાજપના પ્રવક્તા યમલ વ્યાસે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી સુપ્રિમના નિર્ણયનો સ્વીકાર અને આવકાર કરે છે. જોકે, ભાજપ ક્યારેય પરિણામની તારીખોનું ચિંતા નથી કરતું. અમને વિશ્વાસ છે પરિણામો અમારી તરફેણમાં છે.



શહેરના જાણીતા વેપારી વિપુલભાઈ વરિયા પરિવાર દ્વારા ભારતી બાપુની વ્યાસપીઠે ચિલોડા ખાતે સુંદરકાંડના પાઠ યોજાયા હતા.